અનુસૂચિત જાતિના કુટુંબની કન્યાના
લગ્ન પ્રસંગે મંગળસુત્ર પેટે રુ. ૧૫૦૦/- ની
નાણાંકીય સહાય આપવા અંગે.

ગુજરાત સરકાર,
સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
(સમાજ કલ્યાણ પ્રભાગ)
ઠરાવ ક્રમાંક:- એસસીડબલ્યુ/૧૦૯૧/૬૪૫/જ,
સચિવાલય, ગાંધીનગર.

તારીખ:- ૮-૫-૧૯૯૧

ઠરાવ:-

ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ શતાબ્દિ પ્રસંગે રાજ્યમાં રુ.૭૫૦૦/- ની અથવા તેથી ઓછી આવક ધરાવતા અનુસૂચિત જાતિના કુટુંબની પુખ્ત વયની એક કન્યાના લગ્ન પ્રસંગે મંગળ સુત્ર પેટે રુ. ૧૫૦૦/- ની નાણાંકીય સહાય આપવાની બાબત છેલ્લા કેટલાક સમયથી સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ખાસ અગભૂત યોજના હેઠળ અનુસૂચિત જાતિના કુટુંબની પૈકીની એક કન્યાના લગ્ન પ્રસંગે મંગળસુત્ર આપવાની યોજના અમલમાં મુકવાનું આથી ઠરાવવામાં આવે છે.

૨. આ યોજનાની શરતો નીચે મુજબ રહેશે :-

(૧) આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના જે કુટુંબની વાર્ષિક આવક રુ.૭૫૦૦/- થી વધુ ન હોય તેને મળવાપાત્ર થશે.

(૨) આ યોજનાનો લાભ અનુસૂચિત જાતિના કુટુંબની પુખ્ત વયની એક કન્યાના લગ્ન પ્રસંગે એક વખત જ આપવામાં આવશે.

(૩) આ યોજનાનો લાભ લેતા પહેલા કન્યાના માતા-પિતા/વાલીએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી તેવી બાંહેધરી આપવાની રહેશે.

(૪) આ યોજના હેઠળની રુ. ૧૫૦૦/- ની રકમ રોકડમાં નહીં ચુકવતા કન્યાના નામે રાષ્ટ્રીય બચત પત્રોના સ્વરુપમાં ચુકવવાની રહેશે.

(૫) લગ્ન થયા અંગેના પુરાવા રજુ કર્યેથી યોજના હેઠળની રકમ ચુકવવાની રહેશે.

(૬) આ યોજનાનો અમલ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર મારફતે કરવામાં આવશે.

(૭) આ યોજનાનો અમલ તા. ૧/૪/૯૧થી કરવાનો રહેશે.

૪xxxxxxxxxxxxxx

૩. આ અંગેનુ ખર્ચ માગણી નં.૯૬-મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત જનજાતિઓ અને અન્ય પછાતવર્ગોનુ કલ્યાણ (સૂચિત)'' પેટા સદર બીસીકે ૬૦ (બે) અનુસૂચિત જાતિઓ માટે ખાસ અગભૂત યોજના-અનુસૂચિત જાતિના કુટુંબોની કન્યાનાલગ્ન પ્રસંગે મંગળસૂત્ર પેટેની નાણાકીય સહાય (નોનપ્લાન) એ હેઠળ ઉધારવાનુ રહેશે. અને ચાલુ વર્ષે આ યોજના માટે બજેટ પ્રોવીજન નહી હોવાથી નાણાં વિભાગની તા.૮-૫-૯૧ ની યાદી ક્રમાંકઃસી.એનએફ-૧૯૧-૪૮-ક અન્વયે આકસ્મીક નીધિમાથી રૂ.૫/- લાખ (રૂ.પાંચ લાખ પૂરા) મંજૂર કરાયેલ પેશગી માથી મેળવવાનુ રહેશે.

૪. આ રૂ.૫/- લાખની રકમ નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતાને હવાલે મૂકવામાં આવે છે. આ અંગે વધારાની રકમની જરૂર પડયે નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતાએ સરકારશ્રીમાં જે તે અંગેની દરખાસ્ત કરી વધારાની રકમ માટે માગણી કરવાની રહેશે.

૫. આ અંગે નિયામકશ્રી સમાજ કલ્યાણ ખાતુ ગાંધીનગરે યોગ્ય સમયે પૂરક માંગણી મૂકીને આ રકમ પરત કરવાની રહેશે.

૬. આ અંગેના બીલ ઉપર'' આકસ્મીક નીધિમાથી ઉપાડ'' તે રીતનુ લખાણ લખીથી કરવાનુ રહેશે.

૭. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગે તા.૪-૫-૯૧ ની નોંધથી આપેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી.જી.ભટ્ટ
નાયબ સચિવ
સમાજ કલ્યાણ વિભાગ

પ્રતિ,
મા.રાજયપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માં.મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.મંત્રીશ્રી (સ.ક.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
સર્વે મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
સચિવશ્રી, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ, (આ.વિ.પ્રભાગ)

નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
સર્વે જિલ્લા પછાતવર્ગ કલ્યાણ અધિકારીશ્રીઓ.
સર્વે જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ (પંચાયત).
મહાલેખાધિકારીશ્રી રાજકોટ/અમદાવાદ.
પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર/અમદાવાદ.
નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
બજેટ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
બજેટ શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
સચિવાલયના સર્વે વિભાગો, સચિવાલય, ગાંધીનગર.
સમાજ કલ્યાણ વિભાગની સર્વે શાખાઓ.
સંકલન શાખા, સમાજ કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, માહિતી ખાતુ, ગાંધીનગર તરફ બહોળી પ્રસિદ્ધિ અર્થે.
સિલેકટ ફાઇલ.

:વાઘેલા::૮/૫